અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

[૨૦૦૪] સપ્લી. ૫ એસ.સી.આર. ૯૦૯

દિલીપ સિંહ ઉર્ફે દિલીપ કુમાર

વિ.

બિહાર રાજ્ય

નવેમ્બર ૩, ૨૦૦૪

[પી. વેંકટરામા રેડ્ડી અને પી. પી. નાઓલેકર, ન્યાયમૂર્તિઓ]

ઇન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦ :

કલમ ૩૭૫, છઠ્ઠી કલમ – 'તેણીની સંમતિ સાથે કે વિના, જ્યારે તેણી ૧૬ વર્ષથી ઓછી વયની હોય' – લાગુ પાડવા બાબત – ઠેરવ્યું: પ્રથમ જાતીય

સંભોગની તારીખે ભોગ બનનાર યુવતી ૧૬ વર્ષથી ઓછી વયની હતી તેવું તારણ ટકી શકે તેમ નથી – આથી, છઠ્ઠી કલમ આકર્ષાતી નથી.

કલમ ૩૭૫, પ્રથમ કલમ – ભોગ બનનાર યુવતી સાથે 'તેણીની ઇચ્છા વિરુદ્ધ' જાતીય સંભોગ – કોર્ટમાં ભોગ બનનારનું કથન એફઆઇઆરમાં તેના કથનથી તદ્દન વિપરીત અને અસંભવિત – આથી, એવું કહી શકાય નહીં કે ભોગ બનનાર સાથે 'તેણીની ઇચ્છા વિરુદ્ધ' બળાત્કાર થયો હતો.

કલમ ૩૭૫, બીજી કલમ અને કલમ ૩૭૬ – બળાત્કાર – ગુનો આચરવા બાબત – લગ્ન કરવાના વચન પર જાતીય સંભોગ કરવા લલચાવવું – આપવામાં આવેલી સંમતિ શું 'તેણીની સંમતિ વિના' શબ્દપ્રયોગ હેઠળ આવે છે – કલમ ૩૭૫ ની બીજી કલમ લાગુ પડે કે કેમ – ઠેરવ્યું: આરોપી તેની સાથે લગ્ન કરશે તેવી ખાતરી થતાં ભોગ બનનારે સક્રિય વિચારણા પછી જાતીય કૃત્યમાં ભાગ લેવાનો સભાન નિર્ણય લીધો હતો – એવું કહી શકાય નહીં કે આરોપીનો શરૂઆતથી જ તેની સાથે લગ્ન કરવાનો કોઈ ઈરાદો નહોતો અને અપાયેલું વચન તેની જાણ મુજબ ખોટું હતું – ફરિયાદી પક્ષના પુરાવા દર્શાવે છે કે સાચો ઈરાદો

હતો જે પરિપૂર્ણ ન થયો – આથી, આ લગ્નના વચનભંગનો કેસ છે – કલમ ૩૭૫ ની બીજી કલમ લાગુ પડતી નથી.

કલમ ૯૦ – સ્પષ્ટીકરણ – શું સંમતિ નથી – ઠેરવ્યું: ઈજાના ભય હેઠળ અથવા હકીકતની ગેરસમજ હેઠળ આપવામાં આવેલી સંમતિ એ સંમતિ નથી – તે બળજબરી (કોઅર્શન) અને હકીકતની ભૂલને સમકક્ષ છે – કલમ ૯૦ નો પ્રથમ ભાગ ભોગ બનનારના દ્રષ્ટિકોણથી છે અને બીજો ભાગ દૂષિત સંમતિ મેળવનાર વ્યક્તિના જ્ઞાન અથવા વાજબી માન્યતા પર ભાર મૂકતા આરોપીના દ્રષ્ટિકોણથી છે – બંને ભાગો સંચિત રીતે સંતોષાવા જોઈએ – જો કે, કલમ ૯૦ પીનલ કોડ માટે સંમતિની સર્વગ્રાહી વ્યાખ્યા આપતી નથી અને સંમતિનો સામાન્ય અર્થ અને વિભાવના બાકાત નથી.

સંમતિ – ગેરહાજરી – સાબિતીનો બોજો – ફરિયાદ પક્ષ પર છે – કલમ ૧૧૪-એ દ્વારા આવરી લેવાયેલા કેસોમાં પરિસ્થિતિ અલગ છે – સંમતિ અથવા તેની ગેરહાજરી સંલગ્ન સંજોગો પરથી તારવવાની હોય છે – અગાઉના કે સમકાલીન કૃત્યો અથવા ત્યાર પછીનું વર્તન પ્રસ્તુત છે – એવિડન્સ એક્ટ, ૧૮૭૨ – કલમ ૧૧૪-એ.

ભારતનું સંવિધાન, ૧૯૫૦: અનુચ્છેદ ૧૪૨ – અંતર્ગત સત્તાઓ – ઉપયોગ કરવા બાબત – આરોપીએ ભોગ બનનાર સ્ત્રી સાથે લગ્ન કરવાનું વચન આપીને, તેણીને જાતીય સંબંધો બાંધવા સમજાવી અને ગર્ભવતી બનાવી – કલમ ૩૭૬ હેઠળ નિર્દોષ છૂટકારો – જોકે આરોપી નિર્દોષ છૂટ્યો છે પરંતુ તેના નિંદનીય વર્તનને કારણે દીવાની કાયદા હેઠળ નુકસાની માટે પ્રથમદર્શી રીતે જવાબદાર છે – આથી, અનુચ્છેદ ૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને આરોપીને તેણે પોતે ઓફર કર્યા મુજબ વળતર પેટે રૂ. ૫૦,૦૦૦/- ચૂકવવાનો નિર્દેશ આપ્યો – ઈન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦ – કલમ ૩૭૬.

શબ્દો અને શબ્દપ્રયોગો :

'સંમતિ' – અર્થ.

ભોગ બનનાર યુવતીના જણાવ્યા મુજબ, તેણી અને અપીલકર્તા પાડોશી હતા અને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. એક દિવસ અપીલકર્તાએ તેના પર

બળજબરીથી બળાત્કાર ગુજાર્યો અને પાછળથી તેણીને સાંત્વના આપી કે તે તેની સાથે લગ્ન કરશે. તેણી કાકલૂદી સામે ઝૂકી ગઈ અને જાતીય સંબંધો ચાલુ રાખ્યા અને ગર્ભવતી બની. આ સંબંધ માતા-પિતા અને અન્ય સંબંધીઓની જાણમાં એવી છાપ હેઠળ ચાલુ રહ્યો કે અપીલકર્તા તેણીની સાથે લગ્ન કરશે. પરંતુ આરોપીએ તેની સાથે લગ્ન કરવાનું ટાળ્યું અને તેથી યુવતીએ બળાત્કારના કથિત કૃત્યના ઘણા સમય પછી ફરિયાદ નોંધાવી અને એફઆઈઆર નોંધવામાં આવી. ટ્રાયલ કોર્ટે સગીર યુવતી પર બળાત્કાર ગુજારવા બદલ આરોપીને આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ દોષિત ઠેરવી સજા ફટકારી. હાઈકોર્ટે દોષસિદ્ધિ બહાલ રાખી પરંતુ સજામાં ફેરફાર કર્યો. આથી વર્તમાન અપીલ કરવામાં આવી છે.

અપીલ મંજૂર કરતાં, કોર્ટે

ઠેરવ્યું:

૧.૧. ટ્રાયલ કોર્ટના તારણો કે આ કેસ ભોગ બનનાર યુવતીની ઇચ્છા વિરુદ્ધ અથવા તેણીની સંમતિ વિના જાતીય સંભોગ કરવાનો હતો અને ત્યારબાદ તેની સાથે લગ્ન કરવાનું ખોટું વચન આપતા રહ્યા અને તે મુજબ

આઇપીસીની કલમ ૩૭૬ હેઠળ દોષિત ઠેરવવાપાત્ર છે, જે હાઈકોર્ટ દ્વારા બહાલ રાખવામાં આવ્યા હતા, તે કાં તો વિકૃત છે અથવા મહત્ત્વપૂર્ણ પુરાવાઓ અને ફરિયાદ પક્ષના પુરાવાઓમાંથી ઉભરતા સુસંગત પરિબળોની અવિચારણાથી દૂષિત છે. તેથી, દોષસિદ્ધિ અને સજા રદ કરવામાં આવે છે. [૯૨૯-ડી-ઈ]

૧.૨. આરોપીને શંકાના લાભના આધારે તેની સામે મૂકવામાં આવેલા આરોપોમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવે છે. પરંતુ અપીલકર્તાનું નિંદનીય વર્તન, જેણે ભોગ બનનાર સ્ત્રી સાથે લગ્ન કરવાના વચનનો ભંગ કર્યો અને તેણીને જાતીય સંબંધો બાંધવા સમજાવી અને ગર્ભવતી બનાવી, તેને અવગણી શકાય નહીં અને તેથી અપીલકર્તા દીવાની કાયદા હેઠળ નુકસાની માટે પ્રથમદર્શી રીતે જવાબદાર છે. ન્યાયના હિતમાં, સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ આ અદાલતમાં નિહિત સત્તાઓનો ઉપયોગ કરીને, અપીલકર્તાને તેણે પોતે ઓફર કર્યા મુજબ અને પક્ષકારો દ્વારા સ્વીકાર્યા મુજબ, નિર્દોષ છૂટકારો ધ્યાને લીધા વિના, નાણાકીય વળતર તરીકે રૂ. ૫૦,૦૦૦ ની રકમ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવે છે. [૯૨૯-એફ-એચ; ૯૩૦-એ]

૨. ભોગ બનનારના શાળા ટ્રાન્સફર પ્રમાણપત્ર પર આધાર રાખીને ટ્રાયલ કોર્ટનું તારણ કે તે સંબંધિત સમયે યુવતી ૧૬ વર્ષથી ઓછી વયની હતી, જે હાઈકોર્ટ દ્વારા બહાલ રાખવામાં આવ્યું હતું, તે કોઈ પુરાવા વગરનું અથવા શંકાસ્પદ પુરાવા પર આધારિત છે. પ્રમાણપત્રને વિચારણામાંથી બાકાત રાખવું જોઈતું હતું. વધુમાં, તબીબી અધિકારીએ યુવતીની વય ૧૬-૧૭ વર્ષ હોવાનું આકલન કર્યું હતું. બચાવ પક્ષ ડોક્ટર દ્વારા આપવામાં આવેલી વયની ઉપલી બાજુ પર આધાર રાખવા હકદાર છે. જો એમ હોય, તો જ્યારે કથિત ગુનો બન્યો ત્યારે ભોગ બનનાર યુવતીની વય ૧૬ વર્ષથી વધુ હશે. અપીલકર્તાએ કરેલા પ્રથમ જાતીય સંભોગની તારીખે ભોગ બનનાર યુવતી ૧૬ વર્ષથી ઓછી વયની હતી તેવું તારણ ટકી શકે તેમ નથી. કલમ ૩૭૫ ની છઠ્ઠી કલમ 'તેણીની સંમતિ સાથે કે વિના, જ્યારે તેણી ૧૬ વર્ષથી ઓછી વયની હોય' આકર્ષાતી નથી. [૯૧૬-જી; ૯૧૭-એચ; ૯૧૮-એ]

૩. 'ઇચ્છા વિરુદ્ધ' શબ્દપ્રયોગ એવું સૂચવે છે કે ગુનાહિત કૃત્ય સ્ત્રીના પ્રતિકાર અને વિરોધ છતાં કરવામાં આવ્યું હતું. ભોગ બનનારે કોર્ટ સમક્ષ જુબાની આપી હતી કે પ્રથમ જાતીય સંભોગ તેણીની ઇચ્છા વિરુદ્ધ થયો હતો, જોકે પાછળથી તેણી સંમતિ આપનાર પક્ષકાર બની ગઈ હતી. તેણીએ એફઆઈઆરમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે લગ્ન કરવાના તેના વારંવારના

વચનોને ધ્યાનમાં રાખીને તેણીએ 'તેની સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું'. કોર્ટમાં તેના દ્વારા આપવામાં આવેલું કથન એફઆઈઆરમાં દર્શાવેલ કથનથી તદ્દન વિપરીત છે. બળાત્કારની પ્રથમ ઘટના વિશેનું તેનું કથન અસંભવિતતાઓ, પાછળથી ઉમેરાયેલી વિગતો અને અતિશયોક્તિઓથી ભરેલું છે. તે અલગ બાબત છે કે તેણી તેની સાથે લગ્ન કરવાના વચનના પ્રભાવ હેઠળ સંમતિ આપનાર પક્ષકાર બની હતી. તેથી, ભોગ બનનારના તે કથન પર વિશ્વાસ મૂકવો સુરક્ષિત નથી કે અપીલકર્તાએ લગ્નનું વચન આપ્યું તે પહેલાં જ પ્રથમ તબક્કે તેણી પર 'તેણીની ઇચ્છા વિરુદ્ધ' બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. [૯૧૮-ડી; ૯૧૯-એ, ઇ, એફ, જી]

૪.૧. જોકે ઇચ્છા અને સંમતિ ઘણીવાર એકબીજા સાથે જોડાયેલી હોય છે અને વ્યક્તિની ઇચ્છા વિરુદ્ધ કરવામાં આવેલું કૃત્ય સંમતિ વિના કરવામાં આવેલું કૃત્ય કહી શકાય, તેમ છતાં પીનલ કોડ શક્ય તેટલું સર્વગ્રાહી બનવા માટે આ બે શબ્દપ્રયોગોને અલગ અલગ શીર્ષકો હેઠળ વર્ગીકૃત કરે છે. આઈપીસીની કલમ ૩૭૫ ના સંદર્ભમાં 'સંમતિ' ની વિભાવના અને પરિમાણોને જુદા જુદા ખૂણાઓથી જોવામાં આવ્યા છે જે અનિવાર્યપણે દ્વિભાજિત ન પણ હોઈ શકે. અલબત્ત, અંતિમ નિષ્કર્ષ દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે. [૯૨૦-બી, ડી]

૪.૨. પીનલ કોડ હકારાત્મક શબ્દોમાં 'સંમતિ' ની વ્યાખ્યા આપતો નથી, પરંતુ આ કોડ હેઠળ શું 'સંમતિ' ગણી શકાય નહીં તે કલમ ૯૦ દ્વારા સમજાવવામાં આવ્યું છે. પ્રથમ તો ઈજાના ભય હેઠળ અને બીજું હકીકતની ગેરસમજ હેઠળ આપવામાં આવેલી સંમતિ એ બિલકુલ 'સંમતિ' નથી. આ કલમ ૯૦ ના પ્રથમ ભાગ દ્વારા નિર્દેશિત છે. આ બે આધારો બળજબરી અને હકીકતની ભૂલને સમકક્ષ છે જે આપણા દેશના તેમજ અન્ય દેશોના ન્યાયશાસ્ત્ર હેઠળ વ્યવહારને દૂષિત કરી શકે તેવા જાણીતા આધારો છે. કલમ ૯૦ ના પ્રથમ ભાગમાં દર્શાવેલ પરિબળો ભોગ બનનારના દ્રષ્ટિકોણથી છે. કલમ ૯૦ નો બીજો ભાગ આરોપીના દ્રષ્ટિકોણથી અનુરૂપ જોગવાઈ ઘડે છે. તે એવી પરિકલ્પના કરે છે કે આરોપીને પણ જાણ છે અથવા માનવા માટે કારણ છે કે સંમતિ ભોગ બનનાર દ્વારા ઈજાના ભય અથવા હકીકતની ગેરસમજના પરિણામે આપવામાં આવી હતી. આમ, બીજો ભાગ દૂષિત સંમતિ મેળવનાર વ્યક્તિના જ્ઞાન અથવા વાજબી માન્યતા પર ભાર મૂકે છે. બંને ભાગોની જરૂરિયાતો સંચિત રીતે સંતોષાવી જોઈએ. અદાલતે જોવું પડે કે સંમતિ આપનાર વ્યક્તિએ તે ઈજાના ભય હેઠળ કે હકીકતની ગેરસમજ હેઠળ આપી હતી અને અદાલતને એ બાબતે પણ સંતોષ થવો જોઈએ કે કૃત્ય કરનાર વ્યક્તિ એટલે કે કથિત ગુનેગાર આ હકીકતથી વાકેફ છે અથવા તેને વિચારવા માટે કારણ હોવું જોઈએ કે ભય અથવા ગેરસમજ ન હોત તો સંમતિ આપવામાં આવી ન હોત. આ કલમ ૯૦ ની યોજના છે જે નકારાત્મક પરિભાષામાં ઘડાયેલી છે. જો કે, કલમ ૯૦ ને પીનલ કોડના

હેતુઓ માટે સંમતિની સર્વગ્રાહી વ્યાખ્યા તરીકે અર્થઘટન કરી શકાય નહીં. 'સંમતિ' નો સામાન્ય અર્થ અને વિભાવના બાકાત રાખવાનો કોઈ ઈરાદો નથી. [૯૨૦-ડી; એફ, એચ; ૯૨૧-એ-સી]

ઉદય વિ. કર્ણાટક રાજ્ય, (૨૦૦૩) ૨ સ્કેલ ૩૨૯; રાવ હરનારાયણ સિંહ વિ. રાજ્ય, એઆઈઆર (૧૯૫૮) પંજાબ ૧૨૩; ઈન રે એન્થોની, એઆઈઆર (૧૯૬૦) મદ્રાસ ૩૦૮, ગોપી શંકર વિ. રાજ્ય, એઆઈઆર (૧૯૬૭) રાજ. ૧૫૯, ભીમરાવ વિ. મહારાષ્ટ્ર રાજ્ય, (૧૯૭૫) મહા. એલ.જે. ૬૬૦, વિજયન પિલ્લઈ વિ. કેરળ રાજ્ય, (૧૯૮૯) ૨ કે.એલ.જે. ૨૩૪ અને હિમાચલ પ્રદેશ રાજ્ય વિ. મંગો રામ, [૨૦૦૦] ૭ એસસીસી ૨૨૪, સંદર્ભ લીધો.

સ્ટ્રાઉડ્સ જ્યુડિશિયલ ડિક્શનરી; જોવિટ્સ ડિક્શનરી ઓન ઇંગ્લિશ લો; વર્ડ્સ એન્ડ ફ્રેઝીઝ – પરમેનન્ટ એડિશન, વોલ્યુમ ૮એ, સંદર્ભ લીધો.

૫.૧. સંમતિ મેળવનાર વ્યક્તિ એટલે કે આરોપીના ઈરાદા અંગેનું ખોટું નિવેદન હકીકતની ગેરસમજ ઊભી કરી શકે છે. કલમ ૩૭૫ હેઠળ ઉદ્ભવતા કેસમાં આ સિદ્ધાંત લાગુ કરતાં, આરોપી લગ્ન કરવાનો ઈરાદો ધરાવે છે તેવી ખોટી

રજૂઆતના અનુસંધાનમાં આપવામાં આવેલી સંમતિને હકીકતની ગેરસમજ હેઠળ આપવામાં આવેલી સંમતિ તરીકે ગણી શકાય. જો કે, અન્ય કંઈપણ વિના માત્ર લગ્નનું વચન કલમ ૯૦ ના અર્થમાં 'હકીકતની ગેરસમજ' ઊભી કરશે નહીં. તેણીની સાથે લગ્ન કરવાનો કોઈ ઈરાદો કે ઝુકાવ રાખ્યા વિના ભોગ બનનારની સંમતિ મેળવવાના હેતુથી આરોપી દ્વારા જાણીજોઈને કરવામાં આવેલી રજૂઆત સંમતિને દૂષિત કરશે. જો તથ્યો પરથી એ સાબિત થાય કે વચન આપવાની શરૂઆતથી જ, આરોપી ખરેખર તેની સાથે લગ્ન કરવાનો કોઈ ઈરાદો ધરાવતો નહોતો અને તેના દ્વારા આપવામાં આવેલું લગ્નનું વચન માત્ર એક છેતરપિંડી હતી, તો ભોગ બનનાર દ્વારા ઉપરછલ્લી રીતે આપવામાં આવેલી સંમતિ આરોપીને કલમ ૩૭૫ ની બીજી કલમના દાયરામાંથી મુક્ત કરવા માટે કોઈ કામ લાગશે નહીં. [૯૨૪-એ, બી; ૯૨૬-એ-ઈ]

ઈન રે એન. જલાદુ, આઈએલઆર ૩૬ મદ્રાસ ૪૫૩, માન્ય રાખ્યો.

ઉદય વિ. કર્ણાટક રાજ્ય, (૨૦૦૩) ૨ સ્કેલ ૩૨૯, આધાર રાખ્યો.

પુરુષોત્તમ મહાદેવ વિ. બોમ્બે રાજ્ય, એઆઈઆર (૧૯૬૩) બોમ્બે ૭૪ અને જયંતિ રાણી પાંડા વિ. પશ્ચિમ બંગાળ રાજ્ય, (૧૯૮૪) ક્રિ.એલ.જે. ૧૫૩૫, સંદર્ભ લીધો.

એજિંગ્ટન વિ. ફિટ્ઝમોરિસ, (૧૮૮૫) ૨૯ સી.એચ.ડી. ૪૫૯, સંદર્ભ લીધો.

૫.૨. સંમતિનો અભાવ હતો તે સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ પર છે. જો કેસ એવિડન્સ એક્ટની કલમ ૧૧૪-એ હેઠળ આવરી લેવાયેલ હોય તો પરિસ્થિતિ અલગ છે. સંમતિ અથવા તેનો અભાવ સંલગ્ન સંજોગો પરથી જાણી શકાય છે. અગાઉના કે સમકાલીન કૃત્યો અથવા ત્યાર પછીનું વર્તન કાયદેસરના માર્ગદર્શક બની શકે છે. [૯૨૭-ડી-ઈ]

ઉદય વિ. કર્ણાટક રાજ્ય, (૨૦૦૩) ૨ સ્કેલ ૩૨૯, આધાર રાખ્યો.

૬.૧. પ્રથમ પ્રસંગે અપીલકર્તા પર બળજબરીથી જાતીય સંભોગ કરવાનો આરોપ મૂકતો ફરિયાદી યુવતીના કથનનો ભાગ અવિશ્વસનીય છે અને વિચારણામાંથી બાકાત રાખવામાં આવે છે. ભોગ બનનારના પુરાવા પરથી તદ્દન સ્પષ્ટ છે કે આરોપી સાથે જાતીય નિકટતા માટે સંમત થવામાં તેના મન પર પ્રભાવી રહેલું મુખ્ય કારણ આરોપી સાથે લગ્નની સંભાવના વિશે તેનામાં પેદા થયેલી આશા હતી. તેણીના પુરાવામાં એવું દર્શાવવા માટે કંઈ નથી કે વિચારણા માટે કોઈ અવકાશ વિના, તેણી એક નબળી ક્ષણમાં આરોપી દ્વારા કરવામાં

આવેલા માનસિક દબાણ અથવા લાલચ સામે ઝૂકી ગઈ હતી. ફરિયાદીના નિવેદનો દર્શાવે છે કે તેણી આ કૃત્યની નૈતિક ગુણવત્તા અને તેમાં સંકળાયેલા સહજ જોખમથી સંપૂર્ણપણે વાકેફ હતી અને તેણીએ કૃત્યના સારા-નરસા પાસાઓ પર વિચાર કર્યો હતો. લગ્નનો પ્રસ્તાવ સાકાર ન થવાની શક્યતા પણ તેના મનમાં પ્રવેશી હતી. આમ, તેના પોતાના પુરાવા દર્શાવે છે કે જે બની રહ્યું હતું તેના પર મનની સક્રિય વિચારણા પછી તેણીએ સભાન નિર્ણય લીધો હતો. [૯૨૭-એફ; ૯૨૮-બી-સી, એફ-જી]

૬.૨. એમાં કોઈ શંકા નથી કે આરોપીનું તેની સાથે લગ્ન કરવાનું વચન એ તેની સાથે જાતીય નિકટતા માટે સંમત થવાનું મુખ્ય કારણ હતું. તેણીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું તેમ ફરિયાદી પણ તેની સાથે લગ્ન કરવા માટે ખૂબ જ ઉત્સુક હતી. પરંતુ એવો કોઈ પુરાવો નથી જે વાજબી શંકાથી પર એવું અનુમાન દોરી શકે કે આરોપીનો શરૂઆતથી જ તેની સાથે લગ્ન કરવાનો કોઈ ઈરાદો નહોતો અને તેણે આપેલું વચન તેની જાણ મુજબ ખોટું હતું. બીજી બાજુ, ફરિયાદીનું એ નિવેદન કે 'પાછળથી', આરોપી તેની સાથે લગ્ન કરવા તૈયાર થયો હતો પરંતુ તેના પિતા અને અન્ય લોકો તેને ગામમાંથી લઈ ગયા હતા તે દર્શાવે છે કે આરોપી લગ્ન કરવાના સાચા ઈરાદાથી પ્રેરિત હોઈ શકે છે જે તેના પરિવારના

વડીલો દ્વારા લાદવામાં આવેલા દબાણને કારણે સાકાર થઈ શક્યો ન હતો. આ લગ્નના ખોટા વચન કરતાં લગ્નના વચનભંગનો કેસ જણાય છે. [૯૨૯-એ-સી]

ઉદય વિ. કર્ણાટક રાજ્ય, (૨૦૦૩) ૨ સ્કેલ ૩૨૯, આધાર રાખ્યો.

ફોજદારી અપીલ અધિકારક્ષેત્ર: ક્રિમિનલ અપીલ નં. ૪૪/૨૦૦૪.

ક્રિ. અ. નં. ૩૩૦/૧૯૯૧(એસજે) માં પટના હાઈકોર્ટના તારીખ ૧૭.૭.૨૦૦૩ ના ચુકાદા અને હુકમ સામે.

અપીલકર્તા વતી ડી.કે. ઠાકુર, રવિ શંકર કુમાર અને દેબાશિષ મિશ્રા, વકીલો.

સામાવાળા વતી એચ.એલ. અગ્રવાલ, બી.બી. સિંહ સાથે કુમાર રાજેશ સિંહ, વકીલો.

કોર્ટનો ચુકાદો નીચેના ન્યાયાધીશશ્રી દ્વારા આપવામાં આવ્યો હતો:

ન્યાયમૂર્તિ પી. વેંકટરામા રેડ્ડી : અપીલકર્તા સામે ફેબ્રુઆરી, ૧૯૮૮ ના મહિનામાં એક સગીર યુવતી (આ કેસમાં ફરિયાદી સાક્ષી--૧૨ તરીકે દર્શાવેલ) પર બળાત્કાર ગુજારવા બદલ આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો અને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. કટિહારના ત્રીજા એડિશનલ સેશન્સ જજે તેને દસ વર્ષની મુદત માટે સખત કેદની સજા ફટકારી હતી. અપીલ પર, હાઈકોર્ટે દોષસિદ્ધિ બહાલ રાખી પરંતુ સજા ઘટાડીને સાત વર્ષ કરી હતી. તેનાથી નારાજ થઈને, આરોપી દ્વારા વર્તમાન અપીલ દાખલ કરવામાં આવી છે.

હકીકતો:

ભોગ બનનાર યુવતીએ તારીખ ૨૯.૧૧.૧૯૮૮ ના રોજ એટલે કે બળાત્કારના કથિત કૃત્યના ઘણા સમય પછી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. અહેવાલની તારીખ સુધીમાં, તેણી છ મહિનાના ગર્ભવતી હતી. વ્યાપકપણે, ભોગ બનનાર યુવતીનું કથન એવું હતું કે તેણી અને આરોપી પાડોશી હતા અને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા અને એક દિવસ, આરોપીએ તેના પર બળજબરીથી બળાત્કાર ગુજાર્યો અને પાછળથી તેણીને એમ કહીને સાંત્વના આપી કે તે તેની સાથે લગ્ન કરશે, કે તેણી તેની સાથે લગ્ન કરવાના તેણે આપેલા

વચનને કારણે તેની સાથે જાતીય સંબંધો બાંધવા માટે આરોપીની કાકલૂદી સામે ઝૂકી ગઈ અને તેથી અનેક પ્રસંગોએ જાતીય સંબંધો ચાલુ રાખ્યા. તેણી ગર્ભવતી બન્યા પછી, તેણીએ તેના માતા-પિતા સમક્ષ આ બાબત જાહેર કરી. ત્યાર પછી પણ માતા-પિતા અને અન્ય સંબંધીઓની જાણમાં આ સંબંધ ચાલુ રહ્યો જેઓ એવી છાપ હેઠળ હતા કે આરોપી યુવતી સાથે લગ્ન કરશે પરંતુ આરોપીએ તેની સાથે લગ્ન કરવાનું ટાળ્યું અને તેના પિતા લગ્નના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે તેને ગામ બહાર લઈ ગયા. લગ્ન સંબંધ સ્થાપિત કરવા માટે પિતા દ્વારા કરવામાં આવેલા પ્રયાસો નિષ્ફળ ગયા અને તેથી થોડો સમય રાહ જોયા પછી તેણી ફરિયાદ દાખલ કરવા મજબૂર થઈ.

ફરિયાદ પક્ષે એ સાબિત કરવા માટે શાળા પ્રમાણપત્ર અને તબીબી નિષ્ણાતના અભિપ્રાયના રૂપમાં પુરાવા રજૂ કર્યા હતા કે ગુનાહિત કૃત્ય આચરવાની તારીખ સુધીમાં, ભોગ બનનાર યુવતીની વય ૧૬ વર્ષથી ઓછી હતી, જે સંજોગોમાં તેણીની સંમતિ અપ્રસ્તુત બની જાય છે. ફરિયાદ પક્ષ દ્વારા આ પાસા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ટ્રાયલ કોર્ટે આ સંબંધમાં ફરિયાદ પક્ષના કેસનો સ્વીકાર કર્યો હતો અને તારણ આપ્યું હતું કે સંબંધિત સમયે યુવતીની વય ૧૬ વર્ષથી ઓછી હતી. હાઈકોર્ટે આ તારણને સમર્થન આપ્યું હતું. ટ્રાયલ કોર્ટે એક વૈકલ્પિક તારણ પણ નોંધ્યું હતું કે પ્રથમ પ્રસંગે તેના પર બળજબરીથી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તે ઘટના પછી આરોપી તેણીની સાથે લગ્ન કરવાના ખોટા વચનો આપતો રહ્યો હતો. તેથી એવું ઠરાવવામાં આવ્યું હતું કે કાં તો કોઈ સંમતિ નહોતી અથવા સંમતિ અનૈચ્છિક હતી. આમ, ટ્રાયલ કોર્ટના જણાવ્યા મુજબ, આ કેસ ભોગ બનનાર યુવતીની ઇચ્છા વિરુદ્ધ અથવા તેણીની સંમતિ વિના જાતીય સંભોગ કરવાનો હતો. જો એમ હોય, તો યુવતીની ઉંમર ધ્યાને લીધા વિના, ગુનો આચરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. આ પછીના પાસા અંગે, હાઈકોર્ટે કોઈ ચર્ચા કરી ન હતી.

મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની ચર્ચા કરવા આગળ વધતાં પહેલાં, ભોગ બનનાર યુવતી દ્વારા મનિહારી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને આપવામાં આવેલા અહેવાલની સામગ્રીનો સંદર્ભ લેવો યોગ્ય રહેશે જેના આધારે તારીખ ૨૫.૧૦.૧૯૮૮ ના રોજ એફઆઈઆર (આંક ૧) નોંધવામાં આવી હતી. આ તબક્કે, અમે અવલોકન કરવા માંગીએ છીએ કે કોર્ટમાં આપવામાં આવેલી જુબાની મુજબ તેણીનું કથન કંઈક અંશે અલગ હતું, ખાસ કરીને જાતીય સંબંધ

કેવી રીતે વિકસિત થયો અને પ્રથમ જાતીય કૃત્યનો આશરો કઈ રીતે લેવામાં આવ્યો તે સંબંધમાં. જરૂરી હદ સુધી, આ પાસાનો સંદર્ભ પાછળના તબક્કે લેવામાં આવશે. તારીખ ૨૫.૧૦.૧૯૮૮ ના રોજ પોલીસને આપવામાં આવેલા અહેવાલ (આંક ૩/૨ તરીકે ચિહ્નિત) નો સાર નીચે મુજબ છે:

ફરિયાદી અને આરોપી પાડોશી હતા. આરોપીએ તેના હાવભાવ અને વર્તન દ્વારા તેણીને લલચાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પણ તક મળતી, ત્યારે તે તેના ઘરે આવતો અને તેણીના વિરોધ છતાં તેની સાથે મજાક-મસ્તી કરતો હતો. એક પ્રસંગે, તેણીને ભેટ તરીકે ઘડિયાળ આપવામાં આવી હતી. આરોપી વારંવાર કહેતો હતો કે તે તેની સાથે લગ્ન કરવા માંગે છે પરંતુ તેણીએ પોતાની અનિચ્છા દર્શાવી હતી. જો કે, એક દિવસ, તેણી આરોપીની સમજાવટ સામે ઝૂકી ગઈ અને આરોપી સાથે જાતીય સંપર્ક બાંધ્યો અને ફેબ્રુઆરી, ૧૯૮૮ ના મહિનાથી આ સંબંધ ચાલુ રહ્યો હતો. આરોપીએ લગ્નના વચનની લાલચ આપી અને તેની સાથે સંભોગ ચાલુ રાખ્યો જેના કારણે તેણી ગર્ભવતી બની. ગર્ભાવસ્થાના બીજા કે ત્રીજા મહિના દરમિયાન, તેણીએ તેના માતા-પિતાને આ અંગે જાણ કરી. તેના પિતાએ આરોપી સાથે વાત કરી અને તેને તેની પુત્રી સાથે લગ્ન કરવા કહ્યું. આરોપીએ ગ્રામજનો સમક્ષ સ્વીકાર્યું હતું કે ગર્ભાવસ્થા માટે તે પોતે જવાબદાર છે અને તે તેની સાથે લગ્ન કરવા તૈયાર છે. જો કે, આરોપીના પિતા સંમત થયા નહીં

અને જાહેરાત કરી કે કોઈપણ સંજોગોમાં લગ્ન થશે નહીં. તેના પિતા દ્વારા પંચાયત વગેરે બોલાવીને કરવામાં આવેલા પ્રયાસોનું કોઈ પરિણામ આવ્યું નહીં. પાછળથી, ફરિયાદીને જાણવા મળ્યું કે આરોપીના પિતા ગોપી સિંહ અન્ય ગ્રામજનોની મદદથી આરોપીને કોઈ અજાણી જગ્યાએ લઈ ગયા હતા. ત્યારપછી, તેના પિતા અને અન્ય વડીલો દ્વારા તેણીને કેસ દાખલ કરવાની સલાહ આપવામાં આવી હતી. કેસની નોંધણી પર, માત્ર વર્તમાન અપીલકર્તા સામે જ નહીં પરંતુ તેના પિતા અને અન્ય લોકો સામે પણ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી જેમના પર લગ્ન અટકાવવા માટે આરોપીનું અપહરણ કરવાનો આક્ષેપ હતો. જો કે, તેમની સામે કોઈ આરોપ ઘડવામાં આવ્યો ન હતો. અપીલકર્તા એકમાત્ર આરોપી છે જેણે ટ્રાયલનો સામનો કર્યો હતો.

ભોગ બનનાર યુવતીને તારીખ ૨૮.૧૧.૧૯૮૮ ના રોજ સીએએસ, સદર હોસ્પિટલ, કટિહાર ખાતે તબીબી તપાસ માટે મોકલવામાં આવી હતી. ફરિયાદી સાક્ષી--૧૪ ડોક્ટર, જેમણે અન્ય ડોક્ટરો સાથે તેણીની તપાસ કરી હતી, તેઓએ જુબાની આપી હતી કે તપાસની તારીખ સુધીમાં, તેણીને છ મહિનાનો ગર્ભ હતો. તેણીને તબીબી તપાસ માટે મોકલવાનો મુખ્ય હેતુ તેણીની વયનું આકલન કરવાનો જણાતો હતો. ફરિયાદી સાક્ષી--૧૪ એ પોતાની તપાસ અને ડેન્ટલ સર્જનની તપાસ તથા રેડિયોલોજિસ્ટ દ્વારા લેવામાં આવેલા એક્સ-રેના આધારે

અભિપ્રાય આપ્યો હતો કે તેણીની વય ૧૬ થી ૧૭ વર્ષની વચ્ચે હતી. આ કેસમાં તપાસ કરનાર અમલદારની તપાસ કરવામાં આવી નથી.

ભોગ બનનારની વય:

ભોગ બનનાર યુવતીની વયનો પ્રશ્ન એ પ્રથમ અને અગ્રણી પાસું છે જેની વર્તમાન અપીલમાં વિચારણા કરવાની જરૂર છે. આ પ્રશ્ન પર અમે હાઈકોર્ટ દ્વારા પુષ્ટિ કરાયેલા ટ્રાયલ કોર્ટના તારણ સાથે સંમત થવામાં અસમર્થ છીએ. અમારા મતે, ટ્રાયલ કોર્ટ દ્વારા પહોંચેલું તારણ કોઈ પુરાવા વિનાનું અથવા શંકાસ્પદ પુરાવા પર આધારિત છે. ફરિયાદ પક્ષ ફરિયાદી સાક્ષી--૧૩ મારફતે શાળા ટ્રાન્સફર પ્રમાણપત્ર રજૂ કરીને તેણીની ઉંમર સાબિત કરવા માંગતો હતો. પ્રમાણપત્ર આંક પી૪ છે. તે કથિત રીતે નવાબગંજની પ્રાથમિક/માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક દ્વારા જારી કરવામાં આવ્યું હતું. પ્રવેશ રજિસ્ટરમાં નોંધાયેલી તેણીની જન્મ તારીખ ૪.૨.૧૯૭૪ હોવાનું જણાવાયું છે. પ્રવેશની તારીખ ૨૨.૨.૧૯૮૦ અને શાળા છોડવાની તારીખ ૩૧.૧૨.૧૯૮૧ દર્શાવવામાં આવી છે. કોલમ ૫ માં એવો ઉલ્લેખ છે કે પ્રવેશ પિતા એટલે કે ફરિયાદી સાક્ષી--૧૧ ના નિવેદનના આધારે આપવામાં આવ્યો હતો. તેણીએ શાળા છોડી તે સમય

સુધીમાં તેણીએ બીજો વર્ગ પાસ કર્યો હતો. પ્રમાણપત્ર જારી કરવાની તારીખ ૭.૧.૧૯૯૧ હતી એટલે કે ટ્રાયલ શરૂ થયા પછી. તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન આ પ્રમાણપત્ર શા માટે મેળવ્યું ન હતું અને યુવતીના પિતા (ફરિયાદી સાક્ષી--૧૧) દ્વારા પ્રમાણપત્ર શા માટે રજૂ કરવામાં આવ્યું ન હતું તે અંગે કોઈ ખુલાસો મળતો નથી. દેખીતી રીતે, ઉંમર પિતા દ્વારા કરવામાં આવેલા નિવેદનના આધારે આપવામાં આવી હતી. જો એમ હોય, તો પિતા તેણીની ઉંમર વિશે બોલવા માટે શ્રેષ્ઠ સાક્ષી હતા. જો કે, તેઓએ તેણીની ઉંમર વિશે એક પણ શબ્દ કહ્યો ન હતો.

જો આ પ્રમાણપત્ર અગાઉથી દાખલ કરવામાં આવ્યું હોત અથવા જો ફરિયાદી સાક્ષી--૧૧ એ તેણીની ઉંમર વિશે કંઈપણ કહ્યું હોત, તો બચાવ પક્ષના વકીલ પિતાને તેમના નિવેદનની શુદ્ધતા વિશે પ્રશ્ન પૂછવાની સ્થિતિમાં હોત. તે એક પાસું છે. બીજું અને વધુ મહત્ત્વનું પાસું એ છે કે પ્રમાણપત્ર (આંક પી૪) નું કોઈ પુરાવાકીય મૂલ્ય નથી કારણ કે પ્રમાણપત્ર જારી કરવા અને તેની કસ્ટડી સાથે જોડાયેલી સુસંગત હકીકતો બોલવા માટે સક્ષમ સાક્ષી દ્વારા તે યોગ્ય રીતે સાબિત થયું નથી. શાળાના મુખ્ય શિક્ષક કે સ્ટાફની તપાસ કરવામાં આવી નથી.

આ દસ્તાવેજ સાબિત કરવા માટે તપાસવામાં આવેલા બે સાક્ષીઓ ફરિયાદી સાક્ષી-૧૩ અને ૧૫ છે, જેમના પુરાવા, અમારા મતે, ખરેખર નિરર્થક છે. પ્રમાણપત્ર ફરિયાદી સાક્ષી--૧૩ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જે અદાલતમાં કારકૂન (મુજીબ) હોવાનું કહેવાય છે. બચાવ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાને આધીન રહીને તેને ચિહ્નિત કરવામાં આવ્યું હતું. તેના માટે કોણે અરજી કરી અને તે તેની પાસે કેવી રીતે આવ્યું તે સમજાવવામાં આવ્યું નથી. જોકે તેણે મુખ્ય તપાસમાં જણાવ્યું હતું કે આ પ્રમાણપત્ર નવાબગંજ શાળાના મુખ્ય શિક્ષક દ્વારા જારી કરવામાં આવ્યું હતું, ઊલટતપાસમાં તેણે નિખાલસપણે જણાવ્યું હતું કે તે કહી શકતો નથી કે પ્રમાણપત્ર પર કોની સહી હતી. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે ક્યારેય શાળાએ ગયો ન હતો.

ફરિયાદી સાક્ષી--૧૫ – એક વકીલનો કારકૂન, આંક ૪ સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ અન્ય સાક્ષી છે. તેણે મુખ્ય તપાસમાં જણાવ્યું હતું કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ભોગ બનનાર યુવતી સાથે સંબંધિત હતું અને તે મુખ્ય શિક્ષક અખિલેશ્વર ઠાકુરના હસ્તાક્ષરમાં હતું. ઊલટતપાસમાં, તેણે સ્વીકાર્યું કે તેણે અગાઉ પ્રમાણપત્ર જોયું ન હતું અને તે ૧૦ કે ૧૫ વર્ષ પહેલાં શાળાના મુખ્ય શિક્ષકને મળ્યો હતો. તેણે એમ પણ જણાવ્યું કે સહી અવાચ્ય હતી. આમ ફરિયાદી સાક્ષી-૧૩ અને ૧૫ ના પુરાવા પ્રમાણપત્રની

પ્રામાણિકતા કે વિશ્વસનીયતા પર કોઈ પ્રકાશ પાડતા નથી. દેખીતી રીતે, તેઓને પ્રમાણપત્ર જારી કરવા વિશે કોઈ જ્ઞાન નહોતું. મૂળ રજિસ્ટર કોર્ટ સમક્ષ નહોતું. પ્રમાણપત્રો યોગ્ય કસ્ટડીમાંથી આવ્યા નથી. આવા સંજોગોમાં, આ પ્રમાણપત્રને વિચારણામાંથી બાકાત રાખવું જોઈતું હતું. જો કે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટે કોઈ ખચકાટ વિના તેના પર કાર્યવાહી કરી અને પોતાના નિષ્કર્ષો આ દસ્તાવેજ પર આધારિત રાખ્યા. જો આપણે આંક પીજ ને વિચારણામાંથી બાકાત રાખીએ, તો અદાલત પાસે તબીબી અધિકારી, ફરિયાદી સાક્ષી--૧૪ ના પુરાવા બચે છે, જેમના આકલન મુજબ યુવતીની વય ૧૬-૧૭ વર્ષ હતી. બચાવ પક્ષ ડોક્ટર દ્વારા આપવામાં આવેલી વયની ઉપલી બાજુ પર આધાર રાખવા હકદાર છે. જો એમ હોય, તો ફેબ્રુઆરી, ૧૯૮૮ માં જ્યારે કથિત ગુનો બન્યો ત્યારે ભોગ બનનાર યુવતીની વય ૧૬ વર્ષથી વધુ હશે. કોર્ટમાં તપાસ સમયે, એવું જણાય છે કે અદાલતે કોઈ વધારાની વિગતો આપ્યા વિના ઉંમર ૧૭ વર્ષ હોવાનું આકલન કર્યું હતું. આવા અંદાજ પર આધાર રાખવો સલામત નથી.

આ તમામ કારણોસર અમારો એવો મત છે કે અપીલકર્તાએ કરેલા પ્રથમ જાતીય સંભોગની તારીખે ભોગ બનનાર યુવતી ૧૬ વર્ષથી ઓછી વયની હતી તેવું તારણ ટકી શકે તેમ નથી. જો એમ હોય, તો કલમ ૩૭૫ ની છઠ્ઠી કલમ જે

કહે છે - 'તેણીની સંમતિ વિના, જ્યારે તેણી ૧૬ વર્ષથી ઓછી વયની હોય', તે લાગુ પડતી નથી.

શું આરોપી કલમ ૩૭૫ ની પ્રથમ કલમ હેઠળ દોષિત છે:

હવે પછીનો પ્રશ્ન એ છે કે શું અપીલકર્તાએ ભોગ બનનાર યુવતીની ઇચ્છા વિરુદ્ધ તેની સાથે જાતીય સંભોગ કર્યો હતો (કલમ ૩૭૫ ની પ્રથમ કલમ જુઓ). 'ઇચ્છા વિરુદ્ધ' શબ્દપ્રયોગ એવું સૂચવે છે કે ગુનાહિત કૃત્ય સ્ત્રીના પ્રતિકાર અને વિરોધ છતાં કરવામાં આવ્યું હતું. આ પાસા પર, ટ્રાયલ કોર્ટે ઘણી ચર્ચા કર્યા વિના ફરિયાદી ભોગ બનનારના કથન પર વિશ્વાસ કર્યો હતો. આ હકીકતલક્ષી તારણ પર પહોંચવામાં, ટ્રાયલ કોર્ટ ફરિયાદી સાક્ષી--૧૨ – ભોગ બનનાર યુવતીના પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ રહી હતી. હાઈકોર્ટે માત્ર આ મુદ્દા પર ટ્રાયલ કોર્ટના તારણની પુષ્ટિ કરી હતી. તેથી, અમારે તેણીની જુબાનીની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ અને ચકાસવું જોઈએ કે શું તે વાજબી શંકાથી પર એવા નિષ્કર્ષ પર દોરી જાય છે કે આરોપીએ તેણીની ઇચ્છા વિરુદ્ધ જાતીય સંપર્ક કર્યો હતો. જોકે એફઆઈઆરમાં બળજબરીથી જાતીય સંભોગનું કથન રજૂ કરવામાં આવ્યું ન હતું, પરંતુ કોર્ટ સમક્ષ જુબાનીમાં, ફરિયાદી

સાક્ષી--૧૨ એ આ દલીલ ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદી સાક્ષી--૧૨ ના જણાવ્યા મુજબ, બળાત્કારનું પ્રથમ કૃત્ય તેના પિતાના ઘઉંના ખેતરમાં થયું હતું. તેણીએ આ ઘટનાનું વર્ણન આ રીતે કર્યું હતું:

> "ખેતરમાં, એકવાર તક મળતાં, દિલીપ સિંહે મારા પર બળજબરીથી બળાત્કાર ગુજાર્યો. જ્યારે હું રડતી હતી ત્યારે દિલીપ સિંહે કહ્યું, 'તું મારી સાથે લગ્ન કરી લે'. તેણે કહ્યું રડવું નકામું છે અને આપણે લગ્ન કરીશું. તેણે મને લગ્નનું વચન આપ્યું અને મારી સાથે ઘણી વખત બળાત્કાર ગુજાર્યો."

ત્યારબાદ તેણીએ જણાવ્યું હતું કે તેણી ગર્ભવતી બન્યા પછી, તેણીએ તેણીની માતાને બળાત્કાર વિશે જણાવ્યું હતું. પાછળથી, આરોપી તેની સાથે લગ્ન કરવા તૈયાર થયો હતો પરંતુ તેના પિતા અને અન્ય લોકો તેને ગામમાંથી લઈ ગયા હતા. તેણીએ એમ પણ જણાવ્યું હતું કે આરોપી વારંવાર તેણીને કહેતો હતો કે તેઓ 'કોર્ટ મેરેજ' (એટલે કે, રજિસ્ટર્ડ મેરેજ) કરશે. સારાંશમાં, તેણીએ જે જુબાની આપી હતી તે એ હતી કે પ્રથમ જાતીય સંભોગ તેણીની ઇચ્છા વિરુદ્ધ થયો હતો, જોકે પાછળથી તેણી સંમતિ આપનાર પક્ષકાર બની ગઈ હતી. પ્રથમ નોંધવા જેવી બાબત એ છે કે પોલીસને આપેલા અહેવાલમાં, જે તેણીએ સ્વીકાર્યું

છે, આ કથન તેના દ્વારા આપવામાં આવ્યું ન હતું અને તેણીએ બળજબરીપૂર્વકના બળાત્કારની ફરિયાદ કરી ન હતી. તે સિવાય, ઘઉંના ખેતરમાં બળાત્કારનું કથન તેની ઊલટતપાસના નિવેદનોના સંદર્ભમાં તપાસતાં અત્યંત શંકાસ્પદ જણાય છે. તેણીએ ફકરા ૧૪ માં જણાવ્યું હતું કે "એક દિવસ, વાતચીત કરતી વખતે, તેણે મને નીચે ખેંચી લીધી અને મારા પર બળજબરીથી બળાત્કાર ગુજાર્યો. આ ઘટના રાત્રે ૧૨.૦૦ વાગ્યે બની હતી". તેનો અર્થ એ કે, તેણીના કથન મુજબ, બળાત્કારની પ્રથમ ઘટના મધ્યરાત્રિએ ૧૨.૦૦ વાગ્યે ઘઉંના ખેતરમાં બની હતી. તે અત્યંત શંકાસ્પદ છે કે તેઓ તે સમયે ઘઉંના ખેતરમાં જશે. વધુમાં, ઊલટતપાસમાં, તેણી એવું જણાવીને વધુ સુધારો કરે છે કે મધ્યરાત્રિએ બળાત્કારની પ્રથમ ઘટના વખતે, જ્યારે તેણીએ બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું, ત્યારે આરોપીએ તેનું મોં દબાવી દીધું હતું. તેણીના કથનની વિશ્વસનીયતાને અસર કરતી બીજી એક બાબત એ છે કે ઊલટતપાસમાં તેનું નિવેદન છે કે જ્યારે આરોપી હાવભાવ કરતો રહ્યો, ત્યારે તેણી આરોપીના ઘરે ગઈ હતી અને તેની ભાભી સમક્ષ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તે તદ્દન અસંભવિત છે કે આવી અનિચ્છુક વ્યક્તિ રાત્રિના અયોગ્ય સમયે આરોપીની સંગતમાં એકાંત સ્થળે જશે અને જાતીય હુમલાનું જોખમ વહોરશે. કોઈપણ સંજોગોમાં, જો આરોપી દ્વારા તેણીની ઈચ્છા વિરુદ્ધ બળાત્કાર ગુજારવામાં આવ્યો હોત, તો કથિત બળાત્કારની પ્રથમ ઘટના પછી તેણીએ પોતાની મરજીથી તેની ઈચ્છાને આધીન થવાની તૈયારી દર્શાવી ન હોત. તેણીએ સ્વીકાર્યું

કે આરોપી તેની સાથે કલાકો સુધી વાત કરતો હતો અને તે તેના માતા-પિતા અને ભાઈની જાણમાં હતું. આ નિવેદન પણ તેણીના તે કથન પર શંકા ઉપજાવે છે કે તેણીના પ્રતિકાર છતાં તેણીની સાથે જાતીય સંભોગ કરવામાં આવ્યો હતો. સૌથી ઉપર, કોર્ટમાં તેણી દ્વારા આપવામાં આવેલું કથન એફઆઈઆરમાં દર્શાવેલ કથનથી તદ્દન વિપરીત છે. પહેલેથી જ જોયું તેમ, તેણીએ પ્રથમ માહિતી અહેવાલમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે લગ્ન કરવાના તેના વારંવારના વચનોને ધ્યાનમાં રાખીને તેણીએ 'તેની સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું'. ટૂંકમાં, બળાત્કારની પ્રથમ ઘટના વિશેનું તેનું કથન અસંભવિતતાઓ, સુધારાઓ અને અતિશયોક્તિઓથી ભરેલું છે. તે અલગ બાબત છે કે તેણી તેની સાથે લગ્ન કરવાના વચનના પ્રભાવ હેઠળ સંમતિ આપનાર પક્ષકાર બની હતી. તે પાસાની અમે પછીથી તપાસ કરીશું. પરંતુ, આ તબક્કે અમે જે દર્શાવવા માંગીએ છીએ તે એ છે કે, અપીલકર્તાએ લગ્નનું વચન આપ્યું તે પહેલાં જ પ્રથમ તબક્કે તેણી પર તેણીની ઇચ્છા વિરુદ્ધ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો તેવા ફરિયાદી સાક્ષી--૧૨ ના કથન પર વિશ્વાસ મૂકવો સલામત નથી. તેથી, અમે ટ્રાયલ કોર્ટના તે તારણને સમર્થન આપી શકીએ નહીં કે પ્રથમ પ્રસંગે યુવતી પર બળજબરીથી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને લગ્નની વાત પાછળથી જ સામે આવી હતી. આ સંબંધમાં ટ્રાયલ કોર્ટનું તારણ સંપૂર્ણપણે અસમર્થનીય છે.

શું બીજી કલમ (સંમતિ વિના) લાગુ પડે છે:

વિચારણા માટેનો છેલ્લો પ્રશ્ન એ છે કે શું આરોપી ફરિયાદી સાક્ષી--૧૨ સાથે 'તેણીની સંમતિ વિના' જાતીય સંભોગ કરવા બદલ દોષિત છે (આઈપીસીની કલમ ૩૭૫ ની બીજી કલમ જુઓ). જોકે ઇચ્છા અને સંમતિ ઘણીવાર એકબીજા સાથે જોડાયેલી હોય છે અને વ્યક્તિની ઇચ્છા વિરુદ્ધ કરવામાં આવેલું કૃત્ય સંમતિ વિના કરવામાં આવેલું કૃત્ય કહી શકાય, તેમ છતાં ઇન્ડિયન પીનલ કોડ શક્ય તેટલું સર્વગ્રાહી બનવા માટે આ બે શબ્દપ્રયોગોને અલગ અલગ શીર્ષકો હેઠળ વર્ગીકૃત કરે છે.

તો પછી 'તેણીની સંમતિ વિના' શબ્દપ્રયોગનો અર્થ અને વિષયવસ્તુ શું છે? શું પુરુષના તેની સાથે લગ્ન કરવાના વચન પર વિશ્વાસ રાખીને સ્ત્રી દ્વારા આપવામાં આવેલી સંમતિ એ એવી સંમતિ છે જે બળાત્કારના ગુનાને બાકાત રાખે છે? આ એવા પ્રશ્નો છે જે પ્રત્યક્ષ કે આકસ્મિક રીતે ચર્ચા માટે આવ્યા છે.

આઈપીસીની કલમ ૩૭૫ ના સંદર્ભમાં 'સંમતિ' ની વિભાવના અને પરિમાણોને જુદા જુદા ખૂણાઓથી જોવામાં આવ્યા છે. આ મુદ્દા પરના નિર્ણાયક

કેસો જુદા જુદા અભિગમો દર્શાવે છે જે અનિવાર્યપણે દ્વિભાજિત ન પણ હોઈ શકે. અલબત્ત, અંતિમ નિષ્કર્ષ દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે.

ઈન્ડિયન પીનલ કોડ હકારાત્મક શબ્દોમાં 'સંમતિ' ની વ્યાખ્યા આપતો નથી, પરંતુ આ કોડ હેઠળ શું 'સંમતિ' ગણી શકાય નહીં તે કલમ ૯૦ દ્વારા સમજાવવામાં આવ્યું છે. કલમ ૯૦ નીચે મુજબ વંચાય છે:

> "૯૦. ભય કે ગેરસમજ હેઠળ આપવામાં આવી હોવાનું જ્ઞાત હોય તેવી સંમતિ- જો સંમતિ કોઈ વ્યક્તિ દ્વારા ઈજાના ભય હેઠળ અથવા હકીકતની ગેરસમજ હેઠળ આપવામાં આવી હોય, અને જો કૃત્ય કરનાર વ્યક્તિ જાણતી હોય અથવા તેને માનવા માટે કારણ હોય કે આવા ભય અથવા ગેરસમજના પરિણામે સંમતિ આપવામાં આવી હતી, તો આવી સંમતિ આ કોડની કોઈપણ કલમ દ્વારા અભિપ્રેત સંમતિ નથી;"

પ્રથમ તો ઈજાના ભય હેઠળ અને બીજું હકીકતની ગેરસમજ હેઠળ આપવામાં આવેલી સંમતિ એ બિલકુલ 'સંમતિ' નથી. કલમ ૯૦ ના પ્રથમ ભાગ દ્વારા આ જ નિર્દેશિત કરવામાં આવ્યું છે. કલમ ૯૦ માં નિર્દિષ્ટ આ બે આધારો

બળજબરી અને હકીકતની ભૂલને સમકક્ષ છે જે આપણા દેશના તેમજ અન્ય દેશોના ન્યાયશાસ્ત્ર હેઠળ વ્યવહારને દૂષિત કરી શકે તેવા જાણીતા આધારો છે.

